પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૯૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૪-૨૦૨૪ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# હવે ક્ષત્રિય સમાજે નવું અલ્ટીમેટમ પણ આપી દીધું છે. તો સરકારે પણ ડેમેજ કંટ્રોલ માટે રણનીતિ ઘડી કાઢી

## રૂપાલાના દીકરાને ઉતારો પણ 'રૂપાલા' નહીં, ૨ દિવસ બાદ ફરી બેઠક



ગાંધીનગર

ક્ષત્રિયોના આક્રમક વિરોધ વચ્ચે રાજકોટથી રૂપાલાએ પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. ક્ષત્રિય સમાજની માગણી હાલ પુરતી તો સ્વીકારવામાં આવી નથી. રૂપાલાએ ઉમેદવારી ફોર્મ ભર્યું તો ક્ષત્રિય સમાજમાં પોતાનો રોષ યથાવત્ જોવા મળી રહ્યો છે. હવે ક્ષત્રિય સમાજે નવું અલ્ટીમેટમ પણ આપી દીધું છે. તો સરકારે પણ ડેમેજ કંટ્રોલ માટે રણનીતિ ઘડી કાઢી છે. જોકે સમર્થકોના જમાવડા વચ્ચે પરશોત્તમ રૂપાલાએ પોતાનું ઉમેદવારી ફોર્મ ભરી જ દીધું...પરંતુ હવે ક્ષત્રિયો શું કરશે તેના પર સૌની નજર છે. ક્ષત્રિયોને હજુ એવી આશામાં છે કે રૂપાલા ૧૯ એપ્રિલે પોતાની ઉમેદવારી પરત ખેંચી લેશે. પરંતુ હાલ તો તેની દૂર દૂર સુધી કોઈ આશા લાગતી નથી. પરંતુ ક્ષત્રિયો હજુ આશાવાદી જોવા મળી રહ્યા છે. તો ક્ષત્રિયોએ પોતાની બીજી રણનીતિ પર પણ કામ શરૂ કરી દીધું છે. જો રૂપાલા પોતાનું ફોર્મ પરત નહીં ખેંચે તો લોકશાહી ઢબે વિરોધ કરવાની ચીમકી ક્ષત્રિય સમાજે આપી દીધી છે. રાજપૂતોએ કહ્યું છે કે આ આંદોલન અત્યાર સુધી માત્ર રૂપાલા સામે હતું. પરંતુ જો રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો સરકાર સામે પણ આંદોલન કરવાની તૈયારી કરવામાં આવી છે.

ક્ષત્રિયો પર પોતાની એક જ માગ પર અડગ છે. તેમની એક જ માગ છે કે રાજકોટથી રૂપાલા ન જોઈએ. રાજકોટમાં વકરેલા આ વિવાદને શાંત કરવા અને ડેમેજ કંટ્રોલ માટે સરકારે પ્રયાસો શરૂ કરી દીધા છે. મોડી રાત્રે મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપની ઉપસ્થિતિમાં ક્ષત્રિય સંકલન સમિતિ સાથે બેઠક યોજવામાં આવી હતી...બંધ બારણે યોજાયેલી આ બેઠકની કેટલીક એક્લુઝીવ જાણકારી ઝી ૨૪ કલાકને મળી છે. તે મુજબ સરકાર ક્ષત્રિય સમાજને મનાવવા માટે સંપૂર્ણ તૈયાર છે.

ક્ષત્રિય સમાજ કહેશે તે પ્રમાણે રૂપાલા માફી માંગવા પણ તૈયાર છે. ધર્મગુરુ સમક્ષ રૂપાલાને માફી મંગાવી ડેમેજ કંટ્રોલના પ્રયાસ થઈ રહ્યા છે. તો બેઠકમાં સંકલન સમિતિએ એવું પણ કહ્યું છે કે, સરકાર સાથે અમારી કોઈ દુશ્મની નથી. ભાજપ સાથે પણ ક્ષત્રિયોને કોઈ વાંધો નથી. રૂપાલાના પરિવારમાંથી કોઈને પણ ટિકિટ આપવામાં આવે તો વાંધો નથી. પરંતુ રૂપાલા તો ન જ જોઈએ તે માગ પર ક્ષત્રિયો અડગ રહ્યા છે. સરકારે બે દિવસ પછી ફરી એક બેઠક બોલાવી છે. જેમાં ક્ષત્રિય સંકલન સમિતિને ભોજનનું આમંત્રણ અપાયું છે. તો ક્ષત્રિયો અને રૂપાલા વિવાદમાં હાલ સૌથી વધારે જો કોઈને ફાયદો થઈ રહ્યો હોય તો તે કોંગ્રેસ છે. કોંગ્રેસને જાણે આ આંદોલનથી બગાસું ખાતા પતાસુ મળી ગયું છે. તેથી કોંગ્રેસ પાર્ટી જ્યાં તક મળે ત્યાં મોકો છોડતી નથી. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે બળતા પર ઘી હોમવાનો પ્રયાસ કરતાં કહ્યું કે, કોઈ ગુનો કરે, અહંકારથી માફીનું નાટક કરે તો માફ ન કરાય. રૂપાલાએ જે રીતે માફી માગી છે તે રીતે માફ ન કરવા જોઈએ.

આ દરમિયાન ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી. જાડેજાએ રૂપાલા સામે વિરોધનો પાર્ટ-૨ શરૂ કરવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.

ક્ષત્રિય સમાજ એક જ માગ કરી રહ્યો છે કે, રાજકોટ બેઠકથી પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. જેને લઈને રાજકોટમાં આજે ક્ષત્રિય સમાજની પત્રકાર પરિષદ જાયઈ હતી. જેમાં ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી. જાડેજાએ જણાવ્યું હતું કે, અમારે ભાજપ સાથે કોઈ વાંધો નથી, અમે તેમના સમર્થનમાં છીએ. અમારી એક જ માગ છે કે, રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. જે રૂપાલા પોતાની ઉમેદવારી પાછી નહીં ખેંચે તો ક્ષત્રિય સમાજના વિરોધના પાર્ટ-૨ માટે આગળની રણનીતિ ઘડીશું'

ઉલ્લેખનીય છે કે, રૂપાલાએ બે વખત માફી માગી હતી તેમ છતાં પણ હજુ સુધી ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળી રહી છે અને રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ પર અડગ છે. આ દરમિયાન આજે રાજકોટમાં રૂપાલા ક્ષત્રિય સમાજના રોષ વચ્ચે પોતાની ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારી નોંધાવતા પેહલા રૂપાલાએ એક સંબોધન કર્યું હતું જેમાં તેમણે ક્ષત્રિયોને અપીલ કરતા કહ્યું હતું કે 'આજે જે ક્ષત્રિય આગેવાનોએ સમર્થન આપ્યું છે એ તમામનો આભાર, હું તમામ ક્ષત્રિયોને પણ નમ્રતા પૂર્વક વિનંતી કરું છું કે તમે પણ દેશના હિત માટે ભાજપ સાથે જોડાઓ.'

જો રૂપાલાનું ફોર્મ પરત ન ખેંચાય તો ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ પ્રેસ કોન્ફરન્સ કરીને કોઈ મોટા નિર્ણયની જાહેરાત કરી શકે છે. તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં ચૂંટણી પ્રચારની શરૂઆત રાજકોટથી કરવાના છે. ત્યારે સૌની નજર પ્રધાનમંત્રી મોદીના ગુજરાત પર ટકેલી છે. આ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા માટે ગુજરાત આવી રહ્યા છે. ભાજપના આ બન્ને મોટા નેતાઓએ આગામી શું નિર્ણય લે છે તે જોવાનું રહેશે. સાથે જ ક્ષત્રિય સમાજ શું નવી રણનીતિ સાથે આગળ વધે છે તે પણ જોવાનું રહેશે.

# ચુંટણી ઢંઢેરામાં મુસ્લિમો ગાયબ,આ નિર્ણય લેવાનો સમય છે,મૌલાના શહાબુદ્દીન

બરેલી,

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ, મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવીએ કહ્યું કે તમામ રાજકીય પક્ષોએ તેમના ચૂંટણી ઢંઢેરા બહાર પાડ્યા છે, પરંતુ કોઈપણ પક્ષ દ્વારા તેના ઢંઢેરામાં મુસ્લિમોના મૂળભૂત મુદ્દાઓ વિશે વાત કરવી દૂરની વાત છે મેનિફેસ્ટોમાંથી. જ્યારે અન્ય સમાજના ઉત્થાન અને વિકાસની વાત કરવામાં આવી છે. આનાથી બિનસાંપ્રદાયિકતાનો દાવો કરતા પક્ષોની વાસ્તવિકતા છતી થાય છે. સપાના ઘોષણાપત્ર પર આશ્ચર્ય વ્યકત કરતા મૌલાનાએ કહ્યું કે મુસ્લિમો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતી પાર્ટીના મેનિફેસ્ટોમાંથી મુસ્લિમ ગાયબ છે.

મૌલાનાએ કહ્યું કે રાજકીય પક્ષોને મેનિફેસ્ટો જારી કરવાનો અધિકાર છે. અમે આમાં કોઈ પણ પ્રકારની દખલગીરી કરવા માંગતા નથી. પરંતુ તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ મુસ્લિમોના મુદ્દાઓ પર વાત કરશે અને સહાનુભૂતિ વ્યક્ત કરશે, પરંતુ ચૂંટણી ઢંઢેરાથી મુસ્લિમો નિરાશ થયા છે. લોકો સમજે છે કે ચૂંટણી ઢંઢેરો એ રાજકીય પક્ષોનું વિશેષ વિઝન છે. તેના આધારે જ મતદારો મતદાન માટે પક્ષોની પસંદગી કરે છે.મૌલાનાએ કહ્યું કે કમનસીબી એ છે કે આ લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોએ મુસ્લિમોને હાંસિયામાં ધકેલી દીધા છે. મુસ્લિમોને તે પક્ષો સામે કોઈ ફરિયાદ નથી કે જેને તેઓ મત આપતા નથી. મુસ્લિમોને તે પક્ષો સામે ફરિયાદો અને સમસ્યાઓ છે જેમને તેઓ વિધાનસભા અને લોકસભામાં સમાન રીતે મતદાન કરતા આવ્યા છે. મુસ્લિમોએ હવે આવી પાર્ટીઓ વિશે ગંભીરતાથી વિચારવું પડશે. નિર્ણય લેવાનો અને આવા પક્ષોના ચહેરાને અરીસો બતાવવાનો આ સમય છે.

શહાબુદ્દીન રઝવીએ મુસ્લિમ સમુદાયને પૂછ્યું કે આવા સમયે શું કરવું જોઈએ જેથી રાજકીય પક્ષો ઈમાનદારી સાથે મેનિફેસ્ટો તૈયાર કરે. તેમાં મુસ્લિમોની મૂળભૂત સમસ્યાઓના ઉકેલનો ઉલ્લેખ કરો. મૌલાનાએ કહ્યું કે મુસ્લિમ સમુદાયે તે ઉમેદવારો અને પાર્ટીના નેતાઓને પૂછપરછ શરૂ કરવી જોઈએ જ્યારે આ લોકો તમારા દરવાજે જઈને વોટ માંગે તો સીધો સવાલ કરો. પાંચ વર્ષનો હિસાબ માગો અને તમારા મૂળભૂત મુદ્દાઓ પર ખુલ્લેઆમ પૂછપરછ કરો. પછી પક્ષો રસ્તામાં આવશે.

મૌલાનાએ મુસ્લિમોને ચેતવતા કહ્યું કે મુસ્લિમોના મુદ્દાઓ પર રાજકીય પક્ષો સાથે વાત કરવાનો અને સારા ઉમેદવારોને પસંદ કરવાનો આ સમય છે. આટલો સમય બગાડશો તો ભવિષ્યમાં પાંચ વર્ષ પસ્તાવો કરવો પડશે.

## હીટવેવની આગાહી વચ્ચે હવામાન વિભાગનું યલો એલર્ટ

# સુરેન્દ્રનગરના રણમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોચ્યો, જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં આજથી કાળઝાળ ગરમીનો દોર શરૂ થઈ ગયો છે. લોકો ત્રાહિમામ પોકારી જાય તેવી ગરમી પડશે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં બે દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. ૧૭ અને ૧૮ એપ્રિલ સૌરાષ્ટ્રમાં હિટવેવની આગાહી કરાઈ છે. ખાસ કરીને, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી કરાઈ છે. દિવસ દરમિયાન ગુજરાતના આ જિલ્લાઓમાં ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગે યેલો અલર્ટ જાહેર કર્યું છે.સુરેન્દ્રનગર જિલ્લાનું તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચ્યું છે. પરંતુ આ કરતા વધુ ગરમી રણમાં પડી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના રણનું તાપમાન ૪૪ ડિગ્રી વટાવી ગયું છે. અગરિયાઓને પણ રણમાં ગરમીથી બચવા માટે તંત્રએ અપીલ કરી છે. સુરેન્દ્રનગર હવામાન વિભાગ દ્વારા હીટવેવની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. બપોરના સમયે સુરેન્દ્રનગરમાં લોકોને ઘરમાં જ રહેવાની તંત્રએ અપીલ કરી છે. વૃધ્ધો અને બાળકો અને ગર્ભવતી મહિલાઓ ગરમીથી સાવચેત રહે તે અંગે તંત્ર દ્વારા સૂચના અપાઈ છે. હીટવેવની પરિસ્થિતિ વચ્ચે વૃદ્ધાના મોત બાદ તંત્રએ ફરી ગાઈડલાઈન જાહેર કરી છે. ૮૦ વર્ષીય વૃદ્ધના મોત બાદ હવે ફરી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.ગુજરાત સહિત સમગ્ર દેશના ખેડૂતો માટે સૌથી મોટા અને સારા સમાચાર આવી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગે આગાહી આપી છે કે આ વર્ષે ચોમાસું નિયમિત અને સૌથી સારું રહેશે. ભારતીય હવામાન વિભાગે આ વખતે સારામાં સારું ચોમાસું રહેવાની આગાહી કરી છે. આ વર્ષે ચોમાસામાં સરેરાશ વરસાદ ૧૦૪થી ૧૦૬ અને કોઈ કોઈ રાજ્યમાં સરેરાશ વરસાદ ૧૧૦ ટકા પડશે. એટલું જ નહીં ખેડૂતો માટે સારા સમાચાર એ છે કે આ વર્ષે અનિયમિત નહીં પરંતુ નિયમિત વરસાદ પડશે. એટલે કે વાવેતર કર્યા પછી વરસાદની ખેંચ પણ નહીં વરતાય. આ આગાહીનો મતલબ સાફ છે કે આ ચોમાસામાં તૂટક તૂટક નહીં પરંતુ એકધારો વરસાદ પડશે અને પાકને જેવી રીતે જરૂર હોય છે તે રીતે નિયમિત વરસાદ પડશે. હવામાન વિભાગે આગાહી કરતાં કહ્યું છે કે ગુજરાત સહિત સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધારે વરસાદ પડશે. મહિના પ્રમાણે પણ હવામાન વિભાગે વરતારો આપ્યો છે. એ પ્રમાણે આ વર્ષે જૂન મહિનામાં ૯૫ ટકા વરસાદ પડશે. જુલાઈ મહિનામાં ૧૦૫ ટકા વરસાદ પડશે. ઓગસ્ટ મહિનામાં ૯૮ ટકા વરસાદ પડશે. સપ્ટેમ્બર મહિનામાં ૧૧૦ ટકા વરસાદ પડશે. વર્ષ ૧૯૫૧થી ૨૦૨૩ના આંકડાઓ પરથી હવામાન વિભાગની આ આગાહી કરી છે. તો ખેડૂતો માટે સારામાં સારા સમાચાર એ છે કે સારો વરસાદ પડવાનો હોવાથી ખેડૂતોનું આ વર્ષ સારું રહેશે.

જૂનથી સપ્ટેમ્બર સુધીના ચાર મહિનામાં ૧૦૪ ટકાથી વધારે વરસાદ પડશે. જો કે દિલ્લી અને ઉત્તર પ્રદેશની ચિંતા વધારે તેવી આગાહી છે. કેમ કે, દિલ્લી અને યૂપીમાં વધારે વરસાદની આગાહી આપવામાં આવી છે. જો કે સમગ્ર દેશમાં સરેરાશ ચોમાસું સારું રહેવાની આગાહી હોવાથી આ વખતનું ચોમાસું ભારતીય અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે. તો કુલ મળીને ગુજરાતના ખેડૂતો માટે સારા સમાચાર એ છે કે આ વર્ષે ચોમાસામાં ૧૦૪થી ૧૧૦ ટકા સરેરાશ વરસાદ પડશે. અને ભારતીય હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આ વર્ષનું ચોમાસું છેલ્લાં ૧૫ વર્ષના ચોમાસા કરતાં સારું ચોમાસું રહેશે.

# છત્તીસગઢના કાંકેરમાં સુરક્ષાદળોએ ૧૮ નક્સલીઓને કર્યા ઢેર, ૩ જવાન ઈજાગ્રસ્ત

રાયપુર,

દેશમાં ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે. તેવામાં ચૂંટણી પહેલા છત્તીસગઢના કાંકેરમાં અથડામણ થઈ છે. પોલીસ અને નક્સલીઓ વચ્ચે અથડામણમાં ત્રણ જવાનોના ઈજાગ્રસ્ત થવાના સમાચાર છે. બેઠિયા વિસ્તારના માડ એરિયામાં આ અથડામણ ચાલી રહી છે, ઈજાગ્રસ્ત જવાનોને જંગલમાંથી કાઢવા માટે વધારાની ફોર્સ મોકલવામાં આવી છે. સૂત્ર પ્રમાણે નક્સલી કમાન્ડર શંકર રાવને પણ આ અથડામણમાં ઠાર કરાયાની આશંકા છે. અત્યાર સુધી ૧૮ મૃતદેહ કબજે કરવામાં આવ્યા છે, સાથે મોટી સંખ્યામાં ઓટોમેટિક રાઈફલો પણ મળી આવી છે. જાણકારી પ્રમાણે ૩ પોલીસકર્મી આ અથડામણમાં ઈજાગ્રસ્ત થયા છે. પોલીસ જલ્દી આ મામલે સત્તાવાર નિવેદન આપશે.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું- નાના બેઠિયા પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત જંગલમાં તે સમયે ગોળીબારી શરૂ થઈ જ્યારે સીમા સુરક્ષા દળ અને જિલ્લા રિઝર્વ ગાર્ડની એક સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાન પર નિકળી હતી. તેમણે કહ્યું કે ગોળીબારીમાં સુરક્ષાકર્મી ઈજાગ્રસ્ત થયા છે.નોંધનીય છે કે કાંકેરમાં ૨૯ એપ્રિલ એટલે કે બીજા તબક્કામાં મતદાન થવાનું છે. છત્તીસગઢમાં રાયપુર અને જગદલપુર વચ્ચે સ્થિત કાંકેર લોકસભા ક્ષેત્રમાં ૮ વિધાનસભા સીટો સામેલ છે, જેમાં છે અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. આ વિધાનસભા સીટમાં ગુંડરદેહી, સંજારી બાલોદ, સિહાવા (એસટી), ડોંડી લોહારા (એસટી), અંતાગઢ (એસટી), ભાનુપ્રતાપપુર (એસટી), કાંકેર (એસટી) અને કેશકાલ (એસટી) સામેલ છે.

# દેવભૂમિ દ્વારકાના દરિયાકાંઠેથી બિનવારસી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

દ્વારકા,

દ્વારકાના દરિયાકાંઠેથી ચરસનો જથ્થો ઝડપાયો છે. જીંર્ની ટીમને ગઈકાલ રાત્રે શાંતિનગર ખાતેની એક હોટલની નજીક બીચની સામે બિનવારસી હાલતમાં ચરસનો લાખો રૂપિયાનો જથ્થો મળી આવ્યો હતો. માદક પદાર્થની હેરાફેરી કરનારા મળી ન આવતા જીંર્ પોલીસે ફરિયાદ નોંધાવી છે.

સૂત્રો દ્વારા જાણવા મળતાં દેવભૂમિ દ્વારકાના દરિયાકાંઠે ગઈકાલ રાત્રે પેટ્રોલિંગ દરમિયાન દ્વારકા વિસ્તારમાં આવેલા વરવાળા શાંતિનગર ખાતેની એક હોટલ નજીક બીચની સામે દરિયાકાંઠે બિનવારસી હાલતમાં પોલીસને એક બોક્સ મળી આવ્યું હતું. પોલીસ તપાસમાં ચરસ હોવાનું ખુલ્યું છે. ૮૯૭ ગ્રામ જેટલું ચરસ પોલીસે જપ્ત કરી દીધું છે. આ ચરસની અંદાજીત કિંમત રૂપિયા ૪૪ લાખ ૮૫ હજાર છે. સૂત્રો તરફથી એવું પણ જાણવા મળ્યું છે કે આ ચરસ વિદેશી હોઈ શકે છે.

# ઈઝરાયલની સંયુક્ત રાષ્ટ્રસંઘમાં માગણી: ઈરાન સામે તમામ પ્રતિબંધો લગાવો

ગાઝા,

ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ ઈરાન પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવાની માગણી ઈઝરાયલે કરી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં ઈઝરાયલના ઍમ્બૅસૅડર ગિલાડ એર્ડને માગણી કરી હતી કે 'ઈરાનના હુમલા બાદ એના પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવામાં આવે. અમે માગણી કરીએ છીએ કે ઈરાને કરેલી હરકત માટે મોડું થઈ જાય એ પહેલાં એની સામે પગલાં લેવાની જરૂર છે.જોકે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઈરાનના પ્રતિનિધિ આમિર સઈદે કહ્યું હતું કે 'સંયુક્ત રાષ્ટ્રસંઘ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવામાં નિષ્ફળ રહ્યું છે. ઈઝરાયલે સિરિયામાં અમારી કૉન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. અમને પણ અમારા બચાવમાં પ્રતિકાર કરવાનો અધિકાર છે અને અમારી પાસે એના સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. અમને યુદ્ધ જોઈતું નથી. જોકે અમારા પર હુમલો થશે તો એનો વળતો જવાબ આપવામાં આવશે.'અમેરિકા ઈઝરાયલને આશરે ૧.૧૭ લાખ કરોડ રૂપિયાની મદદ કરશે. આ માટે પ્રેસિડન્ટ જો બાઈડને સંસદ સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો છે.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેની લડાઈને કારણે ઍરલાઈન કંપનીઓને તેમની ફ્લાઈટોનાં ઑપરેશન કરવામાં મુશ્કેલી પડી રહી છે. યુરોપ અને એશિયા વચ્ચે ફ્લાઈટ ઑપરેટ કરતી ઍર ઈન્ડિયા, ક્વૉન્ટાસ, લુફ્થાન્સા અને યુનાઈટેડ ઍરલાઈન્સે ગયા બે દિવસમાં તેમની ઘણી ફ્લાઈટો રદ કરી છે. ૨૦૦૧માં ૧૧ સપ્ટેમ્બરે અમેરિકામાં ટ્વિન ટાવર્સ પર થયેલા હુમલા બાદ પહેલી વાર એક દિવસમાં મોટી સંખ્યામાં ફ્લાઈટો રદ કરવામાં આવી.

ઈરાને શનિવારે ઈઝરાયલના અબજપતિની કંપનીના માલવાહક જહાજને જપ્ત કર્યું છે અને એમાં ૧૭ ભારતીય ક્રૂ મેમ્બરો છે. તેમને છોડાવવા માટે ભારતના વિદેશપ્રધાન એસ. જયશંકરે ગઈ કાલે ઈરાનના વિદેશપ્રધાન સાથે વાતચીત કરી હતી. હવે આ ક્રૂ મેમ્બરોને મળવા માટે ઈરાને પરવાનગી આપતાં ભારતીય અધિકારીઓ આ ક્રૂ મેમ્બરોને મળશે. જયશંકરે કહ્યું હતું કે ઈરાન અને ઈઝરાયલે શાંતિ અને રાજનૈતિક ચર્ચાથી આ મુદ્દે ઉકેલ લાવવો જોઈએ.

# ગાંધીનગરમાં અધિકારી ૨ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો



ગાંધીનગર,

ગાંધીનગરમાં છાલા ગામ ખાતે ફરિયાદીએ પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવવા ગ્રામ પંચાયત ગયા હતા પરંતુ તલાટી કમ મંત્રીએ રૂપિયા ૨ લાખની માગ કરતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ છટકું ગોઠવી લાંચિયા અધિકારીને રંગે હાથ ઝડપ્યો છે.ફરીયાદીએ સસરા અને તેમના ભાઈઓના નામે વડીલોપાર્જીત જમીનમાં પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવી આપવા ગ્રામ પંચાયતમાં ગયા હતા. પણ આરોપી હઠીસિંહ કાનજીભાઈ સોલંકીએ પેઢીનામું કરાવવા ફરીયાદી પાસે રૂપિયા ૨ લાખની માંગણી કરી હતી. ફરિયાદી અને આરોપીની રકઝકના અંતે રૂપિયા ૫૦ હજાર આપવાના નક્કી થયા હતા.

આરોપી તલાટી કમ મંત્રી તરીકે માધવગઢ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતો હતો. લાંચના નાણા ફરીયાદી આપવા માંગતા ન હોવાથી લાંચની ફરિયાદ એસીબી કરી હતી. એસીબીએ લાંચનું છટકું ગોઠવતા આરોપીએ સ્થળ ઉપર લાંચની રકમ સ્વીકારતા પકડાઈ જતાં ગુનો કબૂલ્યો હતો.

# શ્રીનગરની ઝેલમ નદીમાં બોટ પલટી જતાં ચારના મોત, સ્કૂલના બાળકો સહિત સાતનું રેસ્ક્યુ



શ્રીનગર,

કાશ્મીરના શ્રીનગરમાં આજે મોટી દુર્ઘટના ઘટી હતી. શ્રીનગરની ઝેલમ નદીમાં બોટ પલટી ગઈ હતી. આ બોટમાં ૧૧ લોકો સવાર હતા અને તેમાં ૫ સ્કૂલના બાળકો પણ સામેલ હતા. આ દુર્ઘટનામાં ૪ લોકોના મોત થઈ ગયા છે અને સાત લોકોના રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ બોટ દરરોજ લોકોને લઈને ગાંદરબલથી બટવારા જાય છે. છેલ્લા ૪૮ કલાકમાં ભારે વરસાદને કારણે ઝેલમના જળસ્તરમાં વધારો થયો છે. જેના કારણે આ બોટ પલટી ગઈ હતી અને આ દુર્ઘટના ઘટી હતી.આ દુર્ઘટના બાદ સ્થાનિક ખલાસીઓએ તરત જ બચાવ કામગીરી હાથ ધરી હતી. થોડા સમય બાદ પોલીસ અને એસડીઆરએફની ટીમે પણ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. રેસ્ક્યુ કરવામાં આવેલ સાત લોકોમાંથી ત્રણ સારવાર હેઠળ છે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રીનગરમાં બોટ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. જારી કરાયેલા સંદેશમાં તેમણે કહ્યું છે કે, દુર્ઘટનામાં થયેલા લોકોના મોતથી હું ખૂબ જ દુઃખી છું. મારી સંવેદના શોકગ્રસ્ત પરિવારો સાથે છે અને હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ તેમને આ અપાર ક્ષતિને સહન કરવાની શક્તિ આપે. એસડીઆરએફ, સેના અને અન્ય એજન્સીઓની ટીમ રાહત અને બચાવ કામગીરી કરી રહી છે. વહીવટીતંત્ર શોકગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યું છે. જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે અને જેઓ ઘાયલ થયા છે તેમને તબીબી સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. મરીન કમાન્ડો ટીમોને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. હું સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું અને ટીમનું માર્ગદર્શન કરી રહ્યો છું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# બાલાસિનોર તાલુકાના શિક્ષકોનો પગાર હિસાબી અધિકારી ના કરતા રોષ ભભૂકયો

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના શિક્ષકોને પગાર ના મળતા હાલત કફોડી બની ત્યારે હિસાબી શાખાના અધિકારીઓની આડોડાઈના પગલે પગાર થયો નથી તેવા આક્ષેપ લગાવવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકામાં આવેલાં શિક્ષકોમાં પગાર તાલુકા પંચાયતના અધિકારી ૧૫ એપ્રિલ સુધીના કરતા શિક્ષકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ત્યારે શિક્ષક સંઘના આગેવાન નીમેશભાઈ સેવકે જણાવ્યું હતું કે નાયબ હિબાસનીય અધિકારી ઉર્વશી પટેલને છેલ્લા દસ દિવસથી સંઘના હોદેદારો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં અનેક બહાનાઓ કાઢીને પગાર કરવામાં ઠાગા હૈયા કરી રહ્યા છે. હાલ લગ્ન ગાળો ચાલતો હોવાથી પગાર ના થતાં શિક્ષકોને ખૂબ મુશ્કેલી પડી રહી છે શિક્ષકોને લોન ના હપ્તા અને પ્રીમિયમ ડયું થયા છે. જેથી શિક્ષકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ હિસાબી અધિકારી વિકાસના કામોમાં ચેક કયા કારણો સર તરત લખી આપે છે, તે વિચારવા જેવી વાત છે. જ્યારે હિસાબી અધિકારી ઉર્વશી પટેલે જણાવ્યું હતું કે, પહેલા મેન્યુઅલ પગાર કરવામાં આવતો હતો હવે પ્રેસા સોફ્ટવેર માધ્યમથી પગાર કરવામાં આવે છે. જ્યારે બાલાસિનોર તાલુકાના શિક્ષકોનો પગાર સડા પાંચ કરોડ છે જે પૂરતી ગ્રાન્ટ ના આવતા પગાર થયો નથી.

# નગરમાં ભેળસેળિયા રસની હાટડીઓ જામી

## બાલાસિનોરમાં કાચી કેરી આવતાં પહેલાં પાકી કેરીનો રસ વેચાય છે.



બાલાસિનોર, બાલાસિનોર ઉનાળાની શરૂઆત થતાની સાથે જ નગરમાં ઠેર-ઠેર ઠંડાપીણા અને કેરીના રસની હાટડીઓ શરૂ થઈ ગઈ છે. હજી કાચી કેરી બજારમાં આવી નથી. ત્યાં તો બજારોમાં કેરીના નામે વેચાઈ રહેલા અખાદ્ય ચીજો ભેળવીને વેચાવામાં આવી રહ્યો છે. આવા વિક્રેતાઓની સામે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને આરોગ્ય તંત્રની રહેમ નજર નગરજનો માટે હાનિકારક સાબિત થશે. બાલાસિનોર નગર સહિત તાલુકામાં ઠેર-ઠેર કેરીના રસમાં સિન્થેટીક રસ પીરસવામાં આવતો હોવાની અને કેરીની માત્રા ઓછી અને તેમાંય સેન્સ, કલર અને સેકરીન પાવડર જેવા તત્વો ભેળવીને અસલ રસ ના નામે વેચવામાં આવે છે. જે લોકોના આરોગ્ય સાથે ચેડા સમાન છે. જ્યારે બનાવવામાં સડેલી અધકચરી કેરીઓનો પણ ઉપયોગ થતો હોવાનું મનાય છે. કેરીનો રસ બનાવવાના મશીનમાં આવી સડેલી કેરીઓમાં જીવજંતુ હોય તે પણ અંદર પીલાઈને એક રસ થઈ જાય છે. પણ કોઈ રસ પીવા ન જાય તેવી સુગ આવી જાય તે પ્રકારે સિન્થેટીક રસ બનાવાય છે. ત્યારે ફૂડ અને ડ્રગ વિભાગ દ્વારા તટસ્થ રીતે તપાસ હાથધરવામાં આવે તો આવોરસ પીરસતા વિક્રેતા રંગેહાથ ઝડપાઈ જાય તેમ છે. ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા આ બાબતની ગંભીરતાની નોંધ લઈ અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા રસના વેપારીઓ સામે પગલા લેવામાં આવે તે જરૂરી છે.

# મહીસાગર જીલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરને મતદાર જાગૃતિ અભિયાનમાં જોડવા કલેકટર કચેરી ખાતે કોફી વિથ કલેકટરનું આયોજન કરાયું



લુણાવાડા, આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ૭ મી મે ૨૦૨૪ના રોજ મતદાન થવાનું છે. ત્યારે મહીસાગર જીલ્લામાં મહત્તમ મતદાન થાય અને મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી આંગણે આવેલા આ લોકશાહીના અવસરમાં સહભાગી બને તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અને તેના પ્રચાર પ્રસાર માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

જીલ્લા કલેક્ટરના મતદાર જાગૃતિ અંગેના વિવિધ પ્રયાસોને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે વધુ એક નવતર પહેલના ભાગરૂપે જીલ્લામાં પસ થી વધુ ફોલોઅર ધરાવતા જીલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરને મતદાર જાગૃતિ અભિયાનમાં જોડવા કોફી વિથ કલેકટરનું આયોજન કલેકટર કચેરી હોલ ખાતે કરવામાં આવ્યું .

જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારીએ જણાવ્યું હતું કે આજના સમયમાં ઝડપથી સંદેશો પહોંચાડવાનું માધ્યમ સોશિયલ મીડિયા છે અને આજનો યુવા વધુ સમય સોશિયલ મીડિયા પર પસાર કરે છે. ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી વિવિધ મતદાર જાગૃતિ થીમ પર વિડીયો બનાવી શેર કરી વધુને વધુ લોકો મતદાન કરવા પ્રેરાય તે માટે અપીલ કરી હતી. સાથે જે લોકો જીલ્લાની બહાર વસવાટ કરતાં હોય તે લોકો પણ મતદાનના દિવસે મતદાન કરવા અચૂક જાય આ અવસરમાં જોડાવા અપીલ કરી હતી.

કોફી વિથ કલેકટર કાર્યક્રમાં ઉપસ્થિત રહેનાર જીલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર પાસે મતદાન જાગૃતિ કન્ટેન્ટ વિષે ચર્ચા કરવામાં આવી હતી અને કેવી રીતે મહત્તમ લોકો આ પર્વમાં જોડાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ ,પ્રોબેશનલ આઈએએસ મહેંક જૈન, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક સી.એન.ભાભોર, પ્રાંત અધિકારી આનંદ પાટીલ,નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી એમ એસ મનાત ઉપસ્થિત રહ્યા હતા.

# કડાણા તાલુકાના સંઘરી ગામના ટીંબા ફળિયાના ૨૦૦ જેટલી વસ્તી ધરાવતા લોકોને પાણી માટે વલખા





તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, કડાણા તાલુકાના સંઘરી ગામના ૨૦૦ જેટલા પરિવારોને કાળઝાળ ગરમીમાં પીવાના પાણીને લઈ લોકોની ખરાબ પરિસ્થિતિ સંઘરી ગામના ટીબા ફળિયાની અંદર સો જેટલા મકાનની વસ્તીમાં માત્ર એક જ હેન્ડ પંપ પરથી પાણી લેવા માટે નિર્ભર રહેલા છે. સવારે ૮ વાગ્યા થી હેન્ડ પંપ ઉપર પાણી ભરવા માટે લાંબી કતારો જામે છે. એક કલાક પછી વારાફરતી પાણી ભરવાનો વારો આવતો હોય છે. જેમાં ગૃહિણીઓનો સમય બરબાદ થઈ તડકો વેઠી પાણી ભરી લાવે છે. સંઘરી ગામના ગામજનોને છેલ્લા બે માસથી પાણી માટે વલખાં મારવા પડતા હોય છે.

હેન્ડ પંપ પર માત્ર એક દેગડો પાણી મળતું હોય છે. મૂંગા પશુઓ અને ઘર વપરાશ માટે લોકો પાણી માટે વલખા મારવા પડે છે. સંઘરી ગામમાં ટીંબા ફળિયામાં ૧૪ હેડપંપહોવા છતાં તે હાલમાં બગડેલ અને બંધ હાલતમાં હતો, જે ગામના જાગૃત નાગરીકે તેને રિપેર કરાવ્યો છે અને ગામની અંદર ઉનાળાની શરૂઆત થતાં જ પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ છે. પાણી માટે સંઘરી ટીબા ફળીયામાં ગામની ગંભીર પરિસ્થિતિ સર્જાયેલી જોવા મળે છે.

આજ સુધી સંગરી ગામના ટીબા ફળિયામાં ૨૦૦વસ્તી ધરાવતા ફળિયામાં પાણી પુરવઠા કે કોઈપણ સ્થાનિક નેતા કોઈ અમને સામું જોઈતું નથી. સરકારે પાણીનિ વાસ્મો યોજના અંતર્ગત નળ તો આપી દીધા છે, પરંતુ આજદિન સુધી નળમાં પાણીનું ટીપુંય નળમાં આવ્યું નથી. નળ સે જળ યોજનાનો લાભ આજ દિન સુધી નથી મળ્યો અને નળ શોભાના ગાંઠિયા સમાન જોવા મળી રહયા છે. એક જ હેન્ડપંપ પર લાઈનમાં ઊભા રહીને સવારથી જ પાણી ભરવા માટે લાંબી કતારો જામતી હોય છે. આ બાબતની ગામના સરપંચ કે કોઈપણ અધિકારી અમારી સાંભળવા તૈયાર નથી. ગામમાં પાણી માટેની કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલી નથી. ગામના રહીશોને પાણીનો મોટો પ્રશ્ન છે, જો હેન્ડપંપ બગડી જાય કે પાણી બંધ થઈ જાય તો આખા ગામના ગ્રામજનોને તરસે મરવાનો વારો પણ આવી શકે છે. વહેલી તકે મૂંગા ઢોરોને અને ગામનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય તેવી ગ્રામજનોની માંગ છે.

# આજે ૧૭- ખેડા લોકસભા બેઠક માટે ૦૫ ઉમેદવારો દ્વારા કુલ ૦૫ ફોર્મ ભરવામાં આવ્યા


ખેડા, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ૧૭- ખેડા લોકસભા બેઠક માટે તા. ૭મી મે ૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. જે અન્વયે આજે તા. ૧૬-૦૪-૨૦૨૪ ને મંગળવારના રોજ ખેડા લોકસભા બેઠક પર ૦૫ ઉમેદવારો દ્વારા કુલ ૦૫ ફોર્મ ભરવામાં આવ્યા છે ૧૭- ખેડા લોકસભા બેઠક પરથી દેવુસિંહ જેસિંગભાઈ ચૌહાણ અને અપૂર્વ પટેલે ભારતીય જનતા પાર્ટીમાંથી, ઉપેન્દ્રકુમાર વલ્લવભાઈ પટેલે અપક્ષમાંથી, અનીલકુમાર પટેલે રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમી પાર્ટીમાંથી અને ભાઈલાલભાઈ કાળુભાઈ પાંડવે બહુજન સમાજ પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે.

નોંધનીય છે કે, જીલ્લામાં ૧૭- ખેડા લોકસભા બેઠક માટે તા. ૧૨/૦૪/૨૦૨૪ થી ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ ગઈ છે અને ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ તા. ૧૯/૦૪/૨૦૨૪ છે. વધુમાં તા. ૨૦/૦૪/૨૦૨૪ રોજ ઉમેદવારી પત્રો ચકાસણી કરવામાં આવનાર છે અને ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૨/૦૪/૨૦૨૪ છે.

# ચૈત્ર નવરાત્રી..નવમા નોરતે માઁ સિદ્ધિદાત્રીની ઉપાસના

**સિદ્ધગંધર્વયક્ષા ઘૈરસુરૈરમરૈરપિ**
**સેવ્યમાના સદા ભૂયાત સિદ્ધિદા સિદ્ધિદાયની..**

: આલેખન :
વિનોદભાઈ માછી નિરંકારી



દેવી સિદ્ધિદાત્રી કે જેમની સિદ્ધ ગંધર્વ યક્ષ દેવતાઓ વગેરે દ્વારા પૂજા કરવામાં આવે છે,જેમના હાથમાં શંખ ચક્ર ગદા અને કમળ છે, જે તમામ સિદ્ધિઓની દાતા માઁ સિદ્ધિદાત્રી મને શુભતા એટલે કે કલ્યાણ પ્રદાન કરો.

નવરાત્રીના નવ દિવસો દરમ્યાન નવદુર્ગાના નવ સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે.આવો આજે નવરાત્રીના નવમા દિવસે જેમની ઉપાસના કરવામાં આવે છે તે માઁ સિદ્ધદાત્રીના સ્વરૂપ વિશે ચિંતન કરીએ. દુનિયાને છોડીને પરમધામ પ્રયાણ કરતાં પહેલાં સંસારમાં પોતાના સંતાનોને સિદ્ધિ એટલે કે તમામ સુખ-સંપદાનો આર્શિવાદ આપનારી દરેક સ્ત્રી સિદ્ધિદાત્રી બની જાય છે.

માઁ દુર્ગાજીની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે.તે તમામ પ્રકારની સિદ્ધિઓ આપનારી દેવી છે. માર્કણ્ડેયપુરાણ અનુસાર અણિમા(સૂક્ષ્મરૂપ ધારણ કરી શકાય છે), મહિમા(વિશાળરૂપ ધારણ કરી શકાય છે), ગરિમા(એક વિશાળ પર્વતની જેમ બની શકાય, લઘિમા(પોતાનું વજન હળવું કરી શકાય,એક ક્ષણમાં ગમે ત્યાં જઈ શકે), પ્રાપ્તિ(કોઈપણ વસ્તુ તુરંત પ્રાપ્ત કરી શકાય,પશુ-પક્ષીની ભાષા સમજી શકાય અને આવનાર સમયને જોઈ શકે), પ્રાકામ્ય(પૃથ્વીના ઉંડાણમાં નીચે સુધી જઈ શકાય,આકાશમાં ઉંડી શકે,જ્યાં સુધી ઈચ્છે ત્યાંસુધી પાણીમાં રહી શકાય,સદાય યુવાન રહેવાય,કોઈપણ શરીર ધારણ કરી શકે અને લાંબા સમય સુધી કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરી શકે છે), ઈશિત્વ(દૈવીશક્તિઓની પ્રાપ્તિ થાય, મૃતજીવને જીવિત કરી શકાય) અને વશિત્વ(જીતેન્દ્રિય અને મનને નિયંત્રિત કરી શકાય) આ આઠ સિદ્ધિઓ છે.બ્રહ્મવૈવર્ત્તપુરાણના કૃષ્ણજન્મ ખંડમાં સિદ્ધિઓની સંખ્યા અઢાર બતાવવામાં આવી છે.જેના નામ છેઃ અણિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય,મહિમા, ઈશિત્વ-વશિત્વ, સર્વકામાવસાયિતા,સર્વજ્ઞત્વ,દૂરશ્રવણ, પરકાયા પ્રવેશન, વાક સિદ્ધિ, કલ્પવૃક્ષત્વ, સૃષ્ટિ, સંહારકરણસામર્થ્ય, અમરત્વ, સર્વન્યાયકત્વ, ભાવના અને સિદ્ધિ..

માઁ સિદ્ધિદાત્રી ભક્તો અને સાધકોને આ તમામ સિદ્ધિઓ પ્રદાન કરવામાં સમર્થ છે. દેવી ભાગવત પુરાણ પ્રમાણે બ્રહ્માંડની શરૂઆતમાં ભગવાન શિવે સૃષ્ટિની રચના માટે આદિ-પરાશક્તિની ઉપાસના કરી હતી.આદિ-પરાશક્તિ દેહ સ્વરૂપ ધરાવતા ન હતા આથી આદિ-પરાશક્તિ શિવનાં અર્ધા દેહમાંથી સિદ્ધિદાત્રી સ્વરૂપે પ્રગટયા.આમ ભગવાન શિવના અર્ધનારીર સ્વરૂપમાં અર્ધો દેહ તે દેવી સિદ્ધિદાત્રી..

માઁ સિદ્ધિદાત્રીને ચાર હાથ છે.તેમના જમણી બાજુના ઉપર તરફના હાથમાં ગદા અને નીચે તરફના હાથમાં ચક્ર છે.ડાબી બાજુના ઉપર તરફના હાથમાં કમળનું પુષ્પ અને નીચે તરફના હાથમાં શંખ છે.તેમનું વાહન સિંહ છે.તે કમળ-પુષ્પ ઉપર આસિન છે.નવરાત્રી પૂજનના નવમા દિવસે તેમની ઉપાસના કરવામાં આવે છે.આ દિવસે શાસ્ત્રીય વિધિ-વિધાન અને પૂર્ણ નિષ્ઠાથી સાધના કરનાર સાધકને તમામ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્તિ થાય છે.સૃષ્ટિમાં કશું જ તેમના માટે અગમ્ય રહેતું નથી. સમગ્ર બ્રહ્માંડ ઉપર પૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય તેમનામાં આવી જાય છે.પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેમને માઁ સિદ્ધિદાત્રીની કૃપા પ્રાપ્ત કરવા માટે નિરંતર આરાધના કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.તેમની કૃપાથી અત્યંત દુઃખરૂપ સંસારથી નિર્લિપ્ત રહીને તમામ સુખોનો ભોગ કરતાં કરતાં મોક્ષને પ્રાપ્ત કરે છે.નવદુર્ગાઓમાં માઁ સિદ્ધિદાત્રી અંતિમ છે.અન્ય આઠ દુર્ગાઓની પૂજા-ઉપાસના શાસ્ત્રીય વિધિ-વિધાનથી કરીને ભક્તો દૂર્ગાપૂજાના નવમા દિવસે માઁ સિદ્ધિદાત્રીની ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે. માઁ સિદ્ધિદાત્રીની ઉપાસના કરવાથી લૌકિક અને પારલૌકિક તમામ પ્રકારની કામનાઓની પૂર્તિ થાય છે આમ હોવા છતાં સિદ્ધિદાત્રી માઁ ના કૃપાપાત્ર ભક્તોની અંદર કોઈ એવી કામના શેષ રહેતી નથી જેને તે પૂર્ણ કરવા ઈચ્છતા હોય.તે તમામ સાંસારીક ઈચ્છાઓ-આવશ્યકતાઓ અને સ્પૃહાઓથી ઉપર ઉઠીને માનસિકરૂપથી માઁ ભગવતીના દિવ્યલોકોમાં વિચરણ કરતાં કરતાં માઁ ની કૃપા-રસ-પિયૂષનું નિરંતર પાન કરીને વિષયભોગ-શૂન્ય બની જાય છે. માઁ ભગવતીનું પરમ સાનિધ્ય જ તેમના માટે સર્વસ્વ હોય છે.આ પરમપદને પ્રાપ્ત કર્યા બાદ તેમને અન્ય કોઈ વસ્તુની આવશ્યકતા રહેતી નથી.

માઁ ભગવતીના ચરણોનું સાનિધ્ય પ્રાપ્ત કરવા માટે અમારે નિરંતર નિયમનિષ્ઠ રહીને ઉપાસના કરવી જોઈએ.માઁ ભગવતીનું સ્મરણ-દયાન અને પૂજન અમોને આ સંસારની અસારતાનો બોધ કરાવીને વાસ્તવિક પરમ શાંતિદાયક અમૃતપદની તરફ લઈ જાય છે.

નવરાત્રિના નવમા દિવસે તલનો ભોગ લગાવીને દાન આપવાથી મૃત્યુના ડરથી રાહત મળે છે અને દુર્ઘટનાઓથી બચી જવાય છે.

# લક્ષ્મી સ્નેકસ પ્રા.લી.(રીયલ બાઈટસ) નડિયાદ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો

નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર૦, નડિઆદની કચેરી દ્વારા જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરીનાં સહયોગથી નડિયાદ ખાતે આવેલ લક્ષ્મી સ્નેકસ પ્રા. લી.(રીયલ બાઈટસ)માં સ્વીપ એકટીવીટી અંતર્ગત મતદાન જાગૃતિનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ઔદ્યોગિક એકમમાં કામ કરતાં કર્મચારી/કામદારોને લોકશાહીના મૂલ્યોની જાળવણી હેતુ મતદાન પ્રક્રિયામાં સહભાગી થઈ મતદાન કરવા અને અન્ય લોકોને પણ મતદાનની પ્રેરણા આપવા માટેની શપથ લેવડાવવામાં આવી હતી. વધુમાં, ઔદ્યોગિક એકમમાં મતદાન સંદર્ભે સિગ્નેચર અભિયાનનું આયોજન કરવામાં આવ્યું અને ઔદ્યોગિક એકમોમાં સંકલ્પ પત્રો અને પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું.કાર્યક્રમમાં મતદાન જાગૃતિ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ઔદ્યોગિક એકમનાં અધિકૃત વ્યકિતને તેઓનાં એકમમાં કામ કરતાં રાજયનાં/રાજય બહારનાં કર્મચારી/કામદારો મતદાનનાં દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવા માહિતગાર કર્યા. આ મતદાન જાગૃતિ કાર્યક્રમમાં એસ. એન. સબાસરા, જનરલ મેનેજર, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડિયાદ, જીલ્લા શિક્ષણ અધિકારીની ક્ચેરીનાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક રીતેશભાઈ તથા ઔદ્યોગિક એકમનાં મેનેજર અને ઔદ્યોગિક એકમમાં કામ કરતા કુલ ૪૦૦ થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

# મહીસાગર જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારીએ વેલણવાડા ગામના મહિલા પશુપાલકો સાથે સંવાદ સાધ્યો



વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે એક પરંપરા એવી છે જે લગભગ દેશભરમાં જોવા મળે છે. અને એ છે આંગણે આવેલા અવસરના આમંત્રણની.

પારિવારિક અને માંગલિક પ્રસંગોના આમંત્રણની પ્રથાને એક સોપાન આગળ વધારતાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવા અંગેનો નિર્ધાર કરવામાં આવ્યો છે. મહીસાગર જીલ્લાની વાત કરીએ તો, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં જીલ્લા ચૂંટણી અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના મતદારો પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરીને લોકશાહીના પર્વની ગૌરવભેર ઉજવણી કરે તે માટે સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃત્તિના ભગીરથ પ્રયાસો કરાઈ રહ્યા છે. જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારી દ્વારા મહિલા પશુપાલક સાથે મતદાર જાગૃતિ અંતર્ગત સંવાદ સાધ્યો હતો. આ લોકસાહિના પર્વમાં ઉત્સાહ સાથે જોડાઈ અચૂક મતદાન કરે અને અન્ય લોકોને પણ મતદાન કરવા પ્રેરિક કરે અને ઉપસ્થિત મહિલાઓએ ખાતરી આપી હતી કે અમે તો મતદાન કરવા જશું જ પણ સાથે ગામની દરેક મહિલાઓને જોડે લઈ જઈ મતદાન કરીશું. આગામી મે મહિનાની ૭ મી તારીખે લોકશાહીના મહાપર્વની ઉજવણી મહીસાગર જીલ્લામાં કરવામાં આવનાર છે, ત્યારે જીલ્લાના મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.જીલ્લાના મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે સપરિવાર મતદાન કરવા અનુરોધ કરતી મતદાન મથકોની મહિલાઓને આમંત્રણ પત્રિકાઓ જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારી અને જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ દ્વારા પાઠવવામાં આવી છે. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ ,પ્રોબેશનલ આઈએએસ મહેંક જૈન, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક સી એન ભાભોર, પ્રાંત અધિકારી આનંદ પાટીલ,નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી એમ એસ મનાત ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષઃતમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. કોઈ સંમેલન કે સમારોહમાં જવા માટે આમંત્રણ મળી શકે છે. આ સમયે અનેક ખર્ચ સામે આવશે પરંતુ, આવકના સ્રોત પણ વધવાથી આર્થિક સમસ્યાઓ રહેશે નહીં. ઘર-પરિવારમાં એકબીજા પ્રત્યે પ્રેમ જળવાયેલો રહેશે.

વૃષભઃકોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે. આજે તમને કોઈ ગમતું કાર્યને કરવામાં પણ સમય પસાર કરો.

મિથુનઃતમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે.

કર્કઃ તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે. પારિવારિક સભ્યો તથા સંબંધીઓ સાથે સંબંધ વધારે મજબૂત બનશે.

સિંહઃ આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઈ શકે છે. આમ ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ થોડો સમય પસાર કરો.

કન્યાઃ કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. ઘરના વડીલ તથા અનુભવી લોકોના માર્ગદર્શનથી અનેક મુશ્કેલીઓનું આજે આપને સમાધાન મળી શકશે છે. આજે મનમાં કોઈ મોટી દુવિધા હશે તો તે દૂર થશે.

તુલાઃ છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. રાજનૈતિક તથા સામાજિક સીમા વધશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

વૃશ્ચિકઃઆજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે. તમારા ઉદેશ્યોને પૂર્ણ કરવામાં ધ્યાન આપો. તમને ધારી સફળતા મળશે.

ધનઃ નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે. આવકનો કોઈ મહત્ત્વપૂર્ણ સ્રોત બનશે. કોઈ ધાર્મિક સ્થળમાં પણ તમારો સમય પસાર થશે. કોઈ નવું કામની શરૂ કરવા માટેનો સમય યોગ્ય છે.

મકરઃ ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે. આજે તમારો આ ગુણ તમારી ઉન્નતિમાં મદદગાર રહેશે.

કુંભઃ આજે તમે તમારી ચતુરાઈથી કોઈ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું તે આજે તમારી કોશિશ દ્વારા પૂર્ણ થવાની પુરી સંભાવના છે.

મીનઃ પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઈ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે. આ સમયે ગ્રહની સ્થિતિઓ તમારા માટે ખૂબ જ અનુકૂળ છે.

# સંજેલીના જીતપુરા ગામે નિવૃત શિક્ષકની હત્યા અને લુંટના ગુનામાં એક આરોપીને ગણતરીના કલાકોમાં પોલીસે ઝડપ્યો






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના જીતપુરા ગામે ગતરોજ લુંટ વીથ મર્ડરનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં દંપતિ પૈકી વ્યક્તિને કુહાડીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી અને સોનાના દાગીના, રોકડા રૂપીયા તેમજ એક ફોર વ્હીલર ગાડી મળી કુલ રૂા. ૪,૭૫,૦૦૦ની સનસનાટી ભરી લુંટ પ્રકરણમાં દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરતાં તપાસ દરમ્યાન એક શંકાસ્પદ ઈસમની પોલીસે પુછપરછ કરતાં પુછપરછ દરમ્યાન આ લુંટ વીથ મર્ડર પોતાની પત્નિ સાથેના આડા સંબંધના વહેમમાં હત્યા કરી હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરતાં પોલીસે હત્યારાને લુંટમાં ગયેલ પુરેપુરા મુદ્દામાલ સાથે અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.ગત તા.૧૫મી એપ્રિલના રોજ સંજેલીના જીતપુરા ગામે રહેતાં રિટાયર્ડ શિક્ષક દંપતિ દિપસિંહ માનસિંહ પલાસ તથા તેમની પત્નિ રાજમોહીનાબેન દિપસિંહ પલાસ બંન્ને રાત્રીના સમયે જમી પરવારી પોતાના ઘરમાં મીઠી નિંદર માણી રહ્યાં હતા. ત્યારે રાત્રીના આશરે અઢી વાગ્યાના આસપાસ અજાણ્યા લુંટારૂઓએ મારક હથિયારો સાથે રાજમોહીનાબેનને ઘરમાં પ્રવેશ કર્યો હતો અને દંપતિને બાનમાં લઈ મારી નાંખવાની ધમકીઓ આપી મકાનમાંથી સોનાનું મંગળસુત્ર, સોનાનું લોકીટ, સોનાની ચેઈન તેમજ ઘરના આંગણે પાર્ક કરેલ એક ફોર વ્હીલર ગાડી મળી કુલ રૂા.૪,૭૫,૦૦૦ની લુંટ ચલાવી તે સમયે રાજમોહીનાબેનેના પતિ દિપસિંહભાએ લુંટારૂઓનો પ્રતિકાર કરતાં લુંટારૂઓએ પોતાના હાથમાંની કુહાડીના ઉપરા છાપરી ઘા દિપસિંભાઈના ગળાના તેમજ ખભાના ભાગે મારી દિપસિંહભાઈ લોહીલુહાણ થઈ ગયાં હતાં. લુંટારૂઓ લુંટ કરી નાસી ગયા બાદ રાજમોહીનાબેને બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને આ અંગેની જાણ પરિવારજનોને પણ કરવામાં આવતાં પરિવારજનો પણ રાજમોહીનાબેનના ઘરે દોડી આવ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસ તેમજ ઉચ્ચસ્તરીય પોલીસને કરવામાં આવતાં જીલ્લા પોલીસવડા તેમજ ડિવાયએસપીનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જ્યાં પ્રથમ ગંભીર ઈજાગ્રસ્ત દિપસિંહભાઈને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવતાં જ્યાં ગંભીર ઈજાગ્રસ્ત દિપસિંહભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ એલ.સી.બી. પોલીસે જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ ચાલતી હતી તે દરમ્યાન ડોકા તલાવડી ગામનો રમણભાઈ ભુરસિંગભાઈ પલાસ સંજેલી પોલીસ મથકે પહોંચ્યો હતો અને પોલીસ મથકે જણાવ્યું હતું કે, આઠથી દશ લુંટારૂઓ આવી મારામારી કરી પોતાના ઘરેથી રૂા.૨,૬૪,૦૦૦ રોકડા તેમજ મોબાઈલ ફોન લુંટ નાસી ગયાં છે. ત્યારે આ અંગેની જાણ એલ.સી.બી. પોલીસને થતાં એલ.સી.બી. પોલીસે ઉપરોક્ત ઈસમની પુછપરછ કરતાં અને ત્યાર બાદ સ્થળ પર જઈ ડેમોસ્ટ્રેશન કરી બતાવવા જણાવતાં પોલીસ સ્ટેશનમાં જણાવેલ સ્ટોરી તેમજ ઘરે જણાવેલ સ્ટોરીમાં વિસંગતતા જણાઈ આવતાં પોલીસને તેની ઉપર શંકા ગઈ હતી જેથી પોલીસને જે સ્થળેથી ફોર વ્હીલર ગાડી મળી આવી હતી તે સ્થળે જઈ પગની ફુટ પ્રિન્ટ લઈ બનાવ સ્થળે મળેલ ફુટ પ્રિન્ટ સાથે સરખાવતાં ૬૦ ટકા જેટલી મેચ થતી હતી જેથી રમણભાઈની સઘન પુછપરછ કરતાં પોલીસની પુછપરછમાં તે ભાંગી પડ્યો હતો અને કબુલાત કરી હતી કે, મૃતક દિપસિંગ માનસિંગ પલાસને પોતાની પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકા હતી. જેથી બનાવની રાત્રે દિપસિંગભાઈની પત્નિ બહારગામ લગ્ન પ્રસંગમાં ગયાં હતાં તે મોકાનો લાભ લઈ રમણભાઈ દિપસિંગભાઈના મકાનની છત પર સંતાઈ ગયો હતો અને રાત્રીના સમયે ઘરમાં ઘુસી મૃતક દિપસિંગભાઈના શરીરે કુહાડીના ઉપરા છાપરી ઘા મારી સોનાના દાગીના, રોકડા રૂપીયા તેમજ ઘરના આંગણે પાર્ક કરેલ ફોર વ્હીલર ગાડીની લુંટ કરી નાસી ગયો હતો. આમ, સંજેલીના જીતપુરા ગામના લુંટ વીથ મર્ડરના બનાવમાં પોલીસે રમણભાઈ ભુરસિંગભાઈ પલાસને ઝડપી પાડી લુંટમાં લઈ ગયેલ ૧૦૦ ટકા મુદ્દમાલ રીકવરી કરી આ સંબંધે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં રખડતા કુતરાના ત્રાસ એક દિવસમાં ૨૦ કરતાં વધારે લોકોને બચકાં ભર્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં રખડતાં કૂતરાઓનો આતંક જોવા મળી રહ્યો છે. જેમાં એકજ દિવસમાં ૨૦ કરતા વધારે લોકોને કૂતરાએ બચકા ભર્યા હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તો દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યાં હોવાનું જાણવા મળેલ છે.

દાહોદના એલ.આઈ.સી. અને પોલીસ રોડના મેન ગેટ પર રખડતાં કૂતરાઓએ એકજ દિવસમાં ૨૦ કરતાં વધારે લોકોને બચકા ભર્યા હતા. ગતરોજ એક પરિવાર ચાલતો જતો હતો ત્યારે બાળકી ઉપર કૂતરાએ કર્યો હતો. હુમલામાં બાળકીને બચાવવા બાળકીના પિતા આગળ આવતા એમને પણ ગંભીર રીતે કૂતરાએ બચકો ભરીને ઈજાગ્રસ્ત કર્યા હતાં. કૂતરાએ પિતા અને પુત્રી બંન્નેને ડાબા હાથે બાચકો ભર્યા હતાં. ત્યારે લગભગ ૨૦ કરતાં વધુ વ્યક્તિઓને આવા રખડતા કુતરાએ બચકા ભર્યા હતાં. કૂતરાનો શિકાર બનેલા ઈજાગ્રસ્તોએ દાહોદની ઝાયડસ હોસ્પિટલ સહિત ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હતી.

## દાહોદ જીલ્લામાં ત્રણ માર્ગ અકસ્માતના બનાવો : ૮ વર્ષીય બાળકી સહિત ૩ વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં એક ૦૮ વર્ષિય બાળા સહિત ૦૩ વ્યકિતઓના મોત નીપજતાં પરિવારજનોમાં ગમનીની છવાઈ ગઈ હતી. જ્યારે એક વ્યક્તિને શરીરે ઈજાઓ પહોંચતાં સારવાર માટે નજીકના દવાખાને લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ફતેપુરા તાલુકાના પાડલીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૫મી એપ્રિલના રોજ પાડલીયા ગામે સાંઈ સ્કુલના ગેટ સામે રોડ ઉપર એક તુફાન ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી ચાલતાં પસાર થઈ રહેલા ૦૮ વર્ષિય જાનવીબેન રાહુલભાઈ ગણાસ્વા (રહે. ચીચાણી, તેર ફળિયું, તા. સંતરામપુર, જી. મહિસાગર) ને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં જાનવીબેનને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં જાનવીબેનનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર ગાડીનો ચાલક પોતાના કબજાની ગાડી સ્થળ મુકી નાસી જતાં આ સંબંધે રાહુલભાઈ લાલુભાઈ ગણાસ્વાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૫મી એપ્રિલના રોજ અનવરપુરા ગામે હાઈવે રોડ ઉપર બાંસવાડાથી ઝાલોદ જતી સરકારી એસ.ટી. બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી. બસ પુરઝડપે અને બેફિકરાઈ પુર્વક હંકારી પસાર થઈ રહ્યો હતો, તે સમયે ત્યાંથી એક મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા સંજયભાઈ સરદારભાઈ ગરાસીયા (રહે. તરકીયા, નીચલુ ફળિયું, તા. ગાંગડતલાઈ, જી. બાંસવાડા, રાજસ્થાન) તથા તેમની સાથે તેમના મિત્ર નિલેશભાઈ છગનભાઈ ગરાસીયા (રહે. કાળીય તળાવ, તા. ઝાલોદ, જી. દાહોદ) નાની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં સંજયભાઈ અને તેમની સાથેના નિલેશભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાતાં બંન્નેને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેમાં ગંભીર ઈજાઓને પગલે નિલેશભાઈનું મોત નીપજ્યું હતું. જ્યારે સંજયભાઈને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે સરદારભાઈ ફતીયાભાઈ ગરાસીયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૫મી એપ્રિલના રોજ અસાયડી ગામે હાઈવે રોડ પર એક ટ્રાવેલ્સનો ચાલક ભારતભાઈ રાયસીંગભાઈ બામણીયા (રહે. મધ્યપ્રદેશ) નાઓએ પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે આગળ જતી એક ટ્રકને પાછળથી જોશભેર ટક્કર મારતાં ટ્રકની કંડક્ટર સાઈડમાં બેઠેલ પંકજભાઈ કૈલાશભાઈ નિનામા (રહે. મધ્યપ્રદેશ) નાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે રાહુલભાઈ કૈલાશભાઈ નિનામાએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના વણઝારવાડ ખાતે આવેલા વીજ ટ્રાન્સફર્મમાં આગ ભભૂકી ઉઠી વીજ પુરવઠો બંધ કરી પાણીનો મારો ચલાવી આગ ઓલવી



દાહોદ,

દિવસેને દિવસે ગરમીનું તાપમાન વધતું જાય છે અને ગરમીના તાપમાનના કારણે વીજ ઉપકરણોનો વપરાશ વધતો જાય છે. તેના કારણે વીજ લાઈનો પણ લોડના કારણે બળીને ઘટનામાં ફેરવાય જતી હોય છે. તેવીજ રીતે આજે બપોરના સમયે દાહોદ શહેરના વણઝારવાડ ખાતે આવેલી મધ્યગુજરાત વીજ કંપનીની લાગેલુ વીજ ટ્રાન્સફોર્મરમાં વીજ લોડ વધી જવાના કારણે અચાનક કેબલોમાં આગ ભભૂકી ઉઠી હતી. જયારે નજીકના દુકાનદારોને આગ લાગેલી જોવા મળતા તાત્કાલિક વીજ કંપનીમાં જાણ કરવામાં આવી હતી અને વીજ કર્મીઓ દોડી આવી વીજ ટ્રાન્ફોર્મરમાં આવતા વીજ પુરવઠાને બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારે પાલિકાના ફાયર વિભાગને જાણ કરાતા તેઓ પણ ઘટના સ્થળે તાત્કાલિક દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી વીજ ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગને કાબુમાં લીધી હતી. જોકે આગ વધારે વિકરાળ બનતા વિસ્તારમાં આસપાસની દુકાનોમાં આગ ભભૂકી ઉઠે તેવી પરિસ્તિથી સર્જાઈ હતી. પરંતુ તાત્કાલિક વીજ કર્મીઓ અને ફાયરના જવાનો દોડી આવતા મોટી ઘટના બનતા અટકી હતી. જોકે વીજ કંપનીને આગ લાગવાના કારણે મોટા પાયે નુકશાન થયું છે અને કોઈને પણ આ આગની ઘટનામાં જાનહાની થવા પામી ન હતી.

## દે.બારીયા નગર પાલિકાના વિસ્તાર આર્યુવૈદિક હોસ્પિટલ અને સી.આર.સી. ભવનના મેન ગેટના સામેનો ખાડો પુરાશે ખરો ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરા માંથી પસાર થતો હાઈવે જે છોટાઉદેપુર તથા પાવાગઢ, વડોદરા તરફ જતા રસ્તો જેમાં ભુર્ગભ ગટરના કાર્ય કરવા માટે મોટું ખાડો ખોદવા કાર્યકરે ૧૫ દિવસ થવા આવ્યા હોવા છતાં આ ભુર્ગભ ગટરના દ્વારા અધુરું છે. આસપાસ ચેતવણી રૂપે કોઈપણ જાતના બોર્ડ અથવા આડઅસર મુકવામાં આવ્યું નથી. આ ભુર્ગભ ગટરનું સમારકાર્ય કરી બંધ નહિ કરાય તો આ ખાડામાં કોઈપણ બાઈક ચાલક ખાબકી શકે છે તો આ ભુર્ગભ ગટર વિભાગના કર્મીઓ આ મોતનો ખાડો સાબિત થાય તે પહેલા આ મુખ્ય હાઈવે રોડનો ખાડાનો સમારકાર્ય કરવામાં આવે તેવી વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે. હવે એ જોવાનું છે કે, આ ખાડાનું કાર્ય કરવા હજુ કેટલો સમય લાગશે આ ખાડાને ખોદે એક માસ લગભગ થવા જાય છે. તેવું આસપાસના વેપારીઓ જણાવી રહ્યા છે. લાગતા વળગતા પાલિકાના પદના અધિકારીઓ જાગો નહિ તો તમારી બેદરકારીથી કોઈપણ બાઈક ચાલકનાં જાનનું જોખમ છે.

## ધાનપુરના વાકોટા ગામે જમીનના ઝગડામાં ત્રણ ઈસમોએ દંપતિ ઉપર પથ્થરો વડે હુમલો કરી ધિંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના વાકોટા ગામે જમીન સંબંધી મામલે ત્રણ ઈસમોએ એક દંપતિને કુહાડીની મુદલ વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૩મી એપ્રિલના રોજ ધાનપુરના વાકોટા ગામે પટેલ ફળિયામાં રહેતાં છગનભાઈ ખીમલાભાઈ, દીતાભાઈ ખીમલાભાઈ અને રમણભાઈ ખીમલાભાઈ તમામ જાતે પસાયાનાઓ પોતાના ગામમાં વાવ ફળિયામાં રહેતાં મધુબેન નગરીયાભાઈ ભુરીયાના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તેમની જમીન નહીં ખેડવા દઈએ તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ મધુબેનને અને તેમના પતિ નગરીયાભાઈને કુહાડીની મુદલ વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત મધુબેન નગરીયાભાઈ ભુરીયાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા બસ સ્ટેન્ડ માંથી બાઈક ઉપર આવેલ યુવકે સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા નગરના બસ સ્ટેન્ડ પર એક પિતા અને તેની ૧૪ વર્ષિય સગીર દિકરી બસની રાહ જોઈ ઉભા હતા. તે સમયે ત્યાં મોટરસાઈકલ પર આવેલ બે યુવકો ૧૪ વર્ષિય સગીરાને બે પૈકી એક યુવકે પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાનું જાણવા મળે છે.

ગત તા.૨૮મી માર્ચના રોજ ધાનપુર તાલુકામાં રહેતી એક પિતા પોતાની ૧૪ વર્ષિય દિકરી સાથે લીમખેડાના બસ સ્ટેન્ડમાં બસની રાહ જોઈ ઉભા હતાં તે સમયે ત્યાં મોટરસાઈકલ લઈ આવેલા રાહુલભાઈ દલસીગભાઈ માવી તથા તેની સાથે દીનેશબાઈ કનુભાઈ મંડોડ (બંન્ને રહે. ચીલાકોટા, રવાળી ફળિયું, તા. લીમખેડા, જી. દાહોદ) નાઓએ ૧૪ વર્ષિય સગીરાને પટાવી, ફોસલાવી રાહુલભાઈએ પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ પોતાના મિત્ર દીનેશભાઈની મદદથી સગીરાને બળજબરીપુર્વક મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ નગરના ખોડીયાર માતા મંદિર અને મહાકાળી માતાના મંદિરે નવરાત્રિ નિમિત્તે અષ્ટમીનો હવન યોજાયો

ઝાલોદ,

ચૈત્ર સુદ એકમ ૦૯-૦૪-૨૦૨૪ મંગળવારથી નવરાત્રીનો આરંભ થયેલ છે.નવરાત્રીના આરંભ થતા જ નગરના માઈ ભક્તો દરરોજ નગરના પૌરાણિક મંદિર એવા ખોડીયાર માતાના મંદિર અને મહાકાલી માતાના મંદિરે નિત્ય પૂજા અર્ચના કરવા જતા હોય છે. નવરાત્રી દરમ્યાન કરેલ પૂજા અર્ચનાનુ ફળ માતારાણી સહુને અચૂક આપે જ છે. આ બંને પૌરાણિક મંદિરોમા નગરના લોકોને અતૂટ વિસ અને શ્રદ્ધા છે. નવરાત્રીની અષ્ટમીની પૂજાનું શાસ્ત્રોમાં વિશિષ્ટ મહત્વ દર્શાવવામાં આવેલ છે. આજના દિવસે કન્યા પૂજન અને હવનનુ આગવું મહત્વ છે. કન્યા પૂજન અને હવન વગર માતાની પૂજા અધૂરી માનવામાં આવે છે. આઠમ અથવા નોમને દિવસે હવન કરવાથી માતા પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે તેમજ સાચા મન થી પૂજા અર્ચના કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે.

આજના અષ્ટમીના દિવસે ખોડીયાર માતા મંદિર અને મહાકાળી માતાના મંદિરે નગરજનો દર્શન કરવા અચૂક જાય છે તેમજ મંદિરમાં યોજાનાર હવનની પૂજા અર્ચના તેમજ મહાઆરતીમા અચૂક હાજરી આપી પ્રસાદી લે છે. નગરના માતાના મંદિરોમાં સવારથી જ દર્શનાર્થીઓ દર્શન કરવા ઉમટી પડેલ જોવા મળતા હતા. વિદ્વાન પંડિતો દ્વારા થયેલ હવનમા પણ મોટા પ્રમાણમાં માઈ ભક્તો જોડાયા હતા. આખો દિવસ નગરના મંદિરો માતાના જય જય કાર થી ગુંજી ઉઠ્યા હતા.

## ઝાલોદ પોલીસ સ્ટેશનમાં રામનવમી નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ઝાલોદ,

તારીખ ૧૭-૦૪-૨૦૨૪ ગુરૂવારના રોજ રામનવમીનો ઉત્સવ સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. આ ઉત્સવને અનુરૂપ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ નગરમાં સદભાવના સાથે ભાઈચારો જળવાઈ રહે તે માટે ઝાલોદ નગરના પી.એસ.આઇ એમ.એમ.માળીની અદ્યક્ષતા હેઠળ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. પોલીસ દ્વારા આયોજક સમિતિ પાસે શાંતિ જળવાઈ રહે તે રીતે શોભાયાત્રા કાઢવા માટે કહેવાયું તે અંતર્ગત સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા પણ કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે રીતે શોભાયાત્રા કાઢવાની બાંહેધરી આપવામાં આવી હતી.

## બોલિવૂડ સ્ટાર સલમાન ખાનનાં ઘર પર ફાયરિંગ કરવાવાળા બંને આરોપીઓની ધરપકડ

મુંબઈ,

સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગના કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. વિભાગે પુષ્ટિ કરી છે કે તેઓએ સોમવારે રાત્રે ગુજરાતના ભુજમાંથી બે આરોપીઓની ધરપકડ કરી છે. બંને આરોપીઓને ટૂંક સમયમાં મુંબઈ લાવી પૂછપરછ કરવામાં આવશે. જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે રવિવારે સવારે સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની જવાબદારી લીધી હતી. પોલીસ આ અંગે પણ કડક પૂછપરછ કરશે. આરોપીઓની ઓળખ બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લાના મસીહીના ૨૪ વર્ષીય વિકી સાહેબ ગુપ્તા અને ૨૧ વર્ષીય સાગર શ્રીજોગેન્દ્ર પાલ તરીકે થઈ છે.

આ મામલે સત્તાવાર નિવેદન આપતા ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે, 'ગોળીબાર બાદ મુંબઈથી ભાગી ગયેલા બંને આરોપીઓની ગુજરાતના ભુજમાંથી ધરપકડ કરવામાં આવી છે.' અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે બંને આરોપીઓને પૂછપરછ માટે મુંબઈ લાવવામાં આવી રહ્યા છે. એક જ દિવસમાં ક્રાઈમ બ્રાન્ચને બંને આરોપીઓની ધરપકડ કરવામાં સફળતા મળી હતી. આ માટે ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ ઘટના સ્થળના અનેક સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કર્યું અને આરોપીઓની ઓળખ કરી. અગાઉના અહેવાલમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે ગોળીબાર કરનારા બે આરોપીઓમાંથી એકની વિરુદ્ધ છેડતી, હત્યા વગેરે જેવા ઘણા ગંભીર કેસ નોંધાયેલા છે.તમને જણાવી દઈએ કે, સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરતા પહેલા તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી હતી. વર્ષ ૨૦૨૨માં પંજાબી સિંગર સિદ્ધુ મૂઝવાલાની હત્યા બાદ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ સલમાનને ધમકી આપી હતી, ત્યારબાદ તેને વાય-પ્લસ સુરક્ષા આપવામાં આવી હતી. છેલ્લા બે વર્ષમાં જાનથી મારી નાખવાની ધમકી આપતા ફોન કોલ્સ, ઈમેલ અને પત્રો પણ મળ્યા હતા. હવે ક્રાઈમ બ્રાન્ચે આ મામલે કડક તપાસ શરૂ કરી છે.જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને વોન્ટેડ ગેંગસ્ટર ગોલ્ડી બરારે સલમાન ખાનને મારવાની ઘણી વખત જાહેરાત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બિશ્નોઈ અને બરારે અભિનેતાને મારવા માટે તેમના શૂટર્સ મુંબઈ મોકલ્યા હતા. લોરેન્સ બિશ્નોઈની ગેંગ ૧૯૯૮ના કાળિયાર શિકારના કેસને કારણે સલમાન ખાનને નિશાન બનાવી રહી છે. બિશ્નોઈ સમુદાયમાં કાળા હરણને પવિત્ર માનવામાં આવે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.199

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહાલ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણે કોંગ્રેસના આગેવાનો અને સમર્થકો સાથે રેલી યોજી ઉમેદવારી નોંધાવી





ગોધરા,

પંચમહાલ લોકસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણે ગોધરા વિશ્વકર્મા ચોક ખાતેથી સમર્થકો અને પક્ષના રાજકીય આગેવાનો સાથે રેલી સ્વરૂપે જીલ્લા કલકેટર કચેરી પહોંચ્યા હતા અને જીલ્લા ચુંટણી અધિકારીને પોતાનું ઉમેદવારી ફોર્મ રજુ કરી ઉમેદવારી નોંધાવી હતી. ફોર્મ ભર્યા બાદ પોતાની જીતનો વિશ્વાસ વ્યકત કરવામાં આવ્યો.

પંચમહાલ લોકસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણે ગોધરા વિશ્વકર્મા ચોક પાસે આવેલ કોંગ્રેસ કાર્યાલય ખાતેથી સમર્થકો અને કોંગ્રેસ પાર્ટીના રાજકીય આગેવાનો સાથે રેલી સ્વરૂપે જીલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા. જીલ્લા ચુંટણી અધિકારી અને જીલ્લા કલેકટર દ્વારા ઉમેદવારી ફોર્મ રજુ કરવા આવેલ ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં સમર્થકો કચેરીમાં પહોંચી જતાં જીલ્લા ચુંટણી અધિકારી દ્વારા ઠપકો આપવામાં આવ્યો હતો. પંચમહાલ લોકસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણે વિજય મુહર્તમાં પોતાની ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. કોંગ્રેસ લોકસભા બેઠકના ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણના ઉમેદવારી ફોર્મ ભરવા માટે કોંગ્રેસ પાર્ટીના આગેવાનો કોંગ્રેસ પાર્ટીના કાર્યકરો અને સમર્થકો ઉમટી પડયા હતા. ગુલાબસિંહ ચૌહાણે ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ પોતાની જીતનો વિશ્વાસઘાત વ્યકત કર્યો હતો.

## ગોધરા આઈ.ટી.આઈ. બાજુમાં આવેલ તુલસી સોસાયટીના રહિશો દ્વારા રસ્તાની માંગ પુરી નહિ થતા લોકસભા ચુંટણી મતદાન બહિષ્કારના બેનરો માર્યા




ગોધરા,

ગ ા ે ધ ર ા આઈ.ટી.આઈ.ની બાજુમાં આવેલ તુલસી સોસાયટી વિસ્તારના રહિશો દ્વારા ૨૦૧૨ થી રસ્તાની માંગણી કરવામાં આવી રહી હોય જે માંગ પુરી નહિ થતાં રહિશો દ્વારા રોડ નહિ તો વોટ નહિના બેનરો મારી લોકસભા ચુંટણી મતદાન બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ગ ા ે ધ ર ા આઈ.ટી.આઈ.ની બાજુમાં તુલસી સોસાયટી આવેલ છે. આ સોસાયટીના રહિશો દ્વારા ૨૦૧૨ થી રસ્તાની માંગણી કરવામાં આવી રહી છે. સોસાયટીના રહિશો અત્યાર સુધી આઈ.ટી.આઈ. કંપાઉન્ડ ખુલ્લુ રહેતા ત્યાંથી અવરજવર કરતા હતા. પરંતુ આઈ.ટી.આઈ.ની નવિનીકરણ બાદ કંપાઉન્ડ વોલ બનાવી દેવામાં આવતા અવરજવરનો રસ્તો બંધ થયો છે અને હાલમાં તુલસી સોસાયટીના રહિશો આદિત્ય એપાર્ટમેન્ટની બાજુ માંથી કાચા રસ્તેથી અવરજવાર કરી રહ્યા છે. આવનાર દિવસોમાં ચોમાસાની સીઝન શરૂ થતી હોય ત્યારે હાલ કાચા રસ્તા કોતરવાળા વિસ્તાર માંથી પસાર થાય છે. આ કોતરમાં ચોમાસાની સીઝનમાં પાણીની આવક સાથે આ સોસાયટીના રહિશોને અવરજવરમાં મુશ્કેલી સર્જાઈ શકે છે. સ્થાનિક રહિશો દ્વારા રસ્તા માટે અવારનવાર રજુઆત કરવા છતાં રસ્તાની માંગ પુરી કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોય જેને લઈ તુલસી સોસાયટીના રહિશો દ્વારા યોજાનાર લોકસભા ચુંટણીમાં મતદાન બહિષ્કાર કરવાના બેનરો લગાડવામાં આવ્યાો. બેનરો ઉપર રોડ નહિ તો વોટ નહિ એવા બેનરો મારવામાં આવતાં રસ્તાની માંગ સાથે મતદાન બહિષ્કારના નિર્ણયને લઈ રાજકીય મોરચે હડકંપ મચી જવા પામ્યો છે.

## હાલોલના સાવલી રોડ ખાખરીયા કેનાલ પાસે પાગાઢ દર્શનાર્થી સેવામાં આવેલ ત્રણ વ્યકિત કાર ચાલકે અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ



હાલોલ,

હાલોલ સાવલી રોડ ઉપર ખાખરીયા કેનાલ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં પાણીપુરીની લારી ઉપર નાસ્તો કરવા ઉભેલા સાવલી તાલુકાના મુવાલ ગામના ત્રણ ઈજાગ્રસ્તોને સારવાર માટે હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. મુવાલ ગામેથી ટ્રેકટરમાં પાણીની બોટલો ભરી પાંચ વ્યકિતઓ પાવાગઢ આવતા દર્શનાર્થીઓની સેવા માટે આવ્યા હતા. જેવો પરત મુવાલ ફરી રહ્યા હતા. ત્યારે હાલોલ સાવલી રોડ ઉપર ખાખરીયા કેનાલ પાસે પાણીપુરીની લારી ઉપર નાસ્તો કરવા માટે રોકાયા હતા. તે દરમિયાન હાલોલ તરફથી સાવલી તરફ જઈ રહેલી એક સ્વીફટ કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા પાણીપુરીની લારી સહિત તમામ લોકોને અડફેટે લેતા ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા. જે તમામને સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. સાવલી તાલુકાના મુવાલ ગામના યુવકો ટ્રેક્ટર માં પાણીની બોટલો ભરી પાવાગઢ મહાકાળીના દર્શને આવતા પદયાત્રીઓની સેવા માટે આવ્યા હતા. જેઓ પરત ઘરે ફરી રહ્યાં હતા. ત્યારે હાલોલ સાવલી રોડ ઉપર ખાખરીયા કેનાલ નજીક ટ્રેકટર બાજુમાં લગાવી પાણીપુરીની લારી ઉપર નાસ્તો કરવા માટે ઊભા રહ્યા હતા. તે દરમિયાન હાલોલ તરફથી સાવલી તરફથી પુર ઝડપે આવેલી સ્વીફ્ટ કાર ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા અન્ય એક કારને ટક્કર મારીને પાણીપુરીની લારી સહિત ત્યાં નાસ્તો કરી રહેલા મુવાલ ગામના સેવાર્થીઓ ને અડફેટે કીધા હતા. જેમાં નયન હસમુખભાઈ પરમાર,ક્રિસ જીવનભાઈ પરમાર અને રમેશભાઈ પરમાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જે તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. તમામને અત્રે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યા છે.ઘટના માં બચી ગયેલા સેવાર્થી અક્ષય પ્રવીણભાઈ પરમારે કહ્યું કે, અમે લોકો પાણી પુરી ખાઈ રહ્યા હતા. ત્યારે પાછળ થી પુરઝડપે એક કાર આવી અમને લારી સાથે ઉછાળી મુક્યા. કાર ચાલકને ઝોકું આવી જતા આ દુર્ઘટના સર્જાઈ હતી તેવી જાણકારી મળવા પામી હતી.

## કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે સ્વચ્છતાનાં અભાવના કારણે દિવાલો અને શૌચાલય પર પાન-પડિકીનાં ધબ્બાથી ખદબદતી ગંદકી



કાલોલ,

કાલોલ તાલુકા પંચાયત કચેરીનું અંદાજિત પાંચ વર્ષ પહેલાં નવનિર્માણ થયું હતું. કાલોલની આસપાસમાં આવેલ કુલ ૭૦ ગ્રામ પંચાયતનો સમાવેશ કાલોલ તાલુકા પંચાયતમાં થતો હોય છે. જ્યારે આમ ૭૦ ગ્રામ પંચાયતનોનાં અરજદારો, તલાટી, સરપંચ કચેરીનાં કામકાજ માટે આવતા હોય છે. જ્યારે આવી સરકારી કચેરીઓમાં દિવાલો પર તેમજ આસપાસ સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બેનરો પણ લગાવવામાં આવે છે. જ્યારે કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં આવેલ શૌચાલય તેમજ દિવાલો અને હવા ઉજાસ માટે રાખવામાં આવેલી બારીઓ પાસે પાન પડીકીનાં લાલઘૂમ ધબ્બાથી ખદબદતી ગંદકી જોવા મળી રહી છે. જ્યારે તાલુકા પંચાયત કચેરીની અંદર આવેલા શૌચાલય પણ ગંદકીથી ખદબદી ઉઠતા તેણી સુવાસ પ્રસરતા આવનાર અરજદારોનાં માંથાના દુખાવા સમાન બની જતા હોય છે. તાલુકા પંચાયત કચેરીનાં જવાબદાર તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત કચેરીના પ્રમુખ દ્વારા સ્વચ્છતા વાવતે દયાન ન રાખી કચેરીમાં પાન-પડીકી ખાઈ ગંડકી કરતાં ઈસમો સામે નિષ્કાળજી દાખવતા કચેરીઓ ની દિવાલો લાલઘુમ થતા ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જ્યારે તાલુકા પંચાયત કચેરીના સભાખંડ થી,જઈખ વિભાગ સુધી ની લાંબીમાં જમીન તળિયાની ટાઈલ્સ પણ ઉખડી જતાં અરજદારોને ઠેસ પહોંચે તેવી પરિસ્થિતી સર્જાય છે. ગણા લાબા સમયથી આ દ્રશ્ય નજરે નિહાળી શકાય છે પરંતુ આજ દિન સુધી આ દીવાલો ને પાન પડીકી ખાઈ કોન ગંદી બનાવતું હોય તેની નાતો તાલુકા પ્રમુખ ની કે તાલુકા વિકાસ અધિકારીની નજર પહોંચી નથી. શું સ્વચ્છતાની વાતો કરતું તંત્ર જ ગંદકી કરવામાં માહિર બન્યું છે ? તદુપરાંત તાલુકા પંચાયત કચેરીનાં પતરાંગણમાં પણ કચરો અને લીલો ઘાસચારો પથરાચેલો જોવા મળી રહે છે. જેના કારણે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહે છે. જોકે જવાબદાર તંત્ર તાલુકાની મુખ્ય કચેરીમાં જ ગંદકી દુર નથી કરી શકતા તો ગ્રામ્ય લેવલો પર સ્વચ્છતાનાં કેવા હાલ હોય તે ગ્રામ્ય વિસ્તારોમાંની મુલાકાત થાય તો જ બહાર આવે તેમ છે.

## પંચમહાલના શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન - શ્રી સ્વામિનારાયણ મંદિર, હરકુંડીનો ૨૪ મો વાર્ષિક પાટોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી કરાઈ



ગોધરા,

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જીતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, હરકુંડીના ૨૪ મા વાર્ષિક પાટોત્સવમાં મહંત શ્રી યોગપ્રિયદાસજી સ્વામી, શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, શ્રી યોગવલ્લભદાસજી સ્વામી, શ્રીનિત્યવિગ્રહદાસજી સ્વામી, શ્રીદિવ્યનિલયદાસજી સ્વામી, શ્રીગુરૂપ્રિયદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતો પધાર્યા હતા. સંતો અને હરિભકતોએ સાથે મળી ષોડશોપચારથી પાટોત્સવ વિધિ, પૂજન, અર્ચન, અન્નકૂટોત્સવ, આરતી, જીવનપ્રાણ અબજીબાપાની વાતોની સમૂહ પારાયણો, સંતવાણી – કથાવાર્તા વગેરે અદયાત્મસભર આયોજનો થયાં હતાં. આ પાવનકારી અવસરે દેશો દેશનાં હરિભકતોએ દર્શન, શ્રવણનો લાભ લીધો હતો.


## શહેરા તાલુકાની સગીરાને ભગાડી જઈ શારીરિક શોષણના ગુન્હાના આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાની સગીરાને પટાવી ફોસલાવી ભગાડી જઈ શારીરિક શોષણ કરવાના ગુનાના આરોપી ભાવેશભાઇ બાઘરસિંહ ઉર્ફે રમેશભાઇ ખાંટએ રેગ્યુલર જામીન અરજી કોર્ટમાં મુકેલ હોય આ જામીન અરજીની સુનાવણી હાથ કરતા કોર્ટે જામીન અરજી નામંજુર કરી.

શહેરા તાલુકાના સગીરાને આરોપી ભાવેશભાઇ બાઘરસિંહ ઉર્ફે રમેશભાઇ ખાંટ પટાવી ફોસલાવી ભગાડી લઈ ગયેલ હોય અને શારીરિક શોષણ કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોધાવા પામી હતી. આ ગુન્હામાં આરોપી ભાવેશભાઈ ઉર્ફે રમેશ ખાંટને ઝડપી પાડી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. આરોપી ભાવેશ ઉર્ફે રમેશભાઇ ખાંટ દ્વારા પંચમહાલ જીલ્લા સ્પે.જજ તથા બીજી એડીશીનલ સેશન્સ કોર્ટના જજ આર.જે.પટેલની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકી હતી. આ રેગ્યુલર વકીલ રાકેશ એસ.ઠાકોર એ વિગતવાર દલીલો રજુ કરતા કોર્ટે દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની ભાવેશ બાઘરસિંહ ઉર્ફે રમેશભાઇ ખાંટ (રહે. બોરીયાવી, શહેરા)ની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## ગુજરાત ની જીવાદોરી ગણાતી નર્મદા કેનાલમાં એક સંધાયને તેર તુટે તેવી પરિસ્થિતીનું નિર્માણ



હાલોલ,

હાલોલ-કાલોલ તાલુકા વિસ્તારમાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં બાકરોલ-શક્તિપુરા વચ્ચે કેનાલનાં વહેતા પાણીનાં પ્રવાહની સાઈટમાં ગણા લાબા સમયથી ગાબડાંઓ સર્જાતા ભયનો માહોલ. ધોવાણ અંગે નર્મદા નિગમ તંત્ર દ્વારા અસરકારક સમારકામ કરવાની લાપરવાહીને પગલે ધોવાણ વધતા સાઈટ તૂટીને મસ્ત મોટાં ગાબડાંઓનાં દ્રશ્યો સર્જાતા હોય છે. એકંદરે સમાચારોના માધ્યમથી પ્રકાશિત કરી તંત્રનું દયાન દોરવામાં આવતાં તત્કાલિક તંત્ર દોડતું થઈ સમારકામ કરવાની કામગીરીમાં વળગી જતું હોય છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ-કાલોલ તાલુકા વિસ્તારમાંથી પસાર થતી નર્મદા મેઈન કેનાલનાં શકિતપુરા-બાકરોલ વચ્ચેની આઈપી સાઈટ ૧૦૫ સીઆર પાસે ગણા લાબા સમયથી પાણીનાં વેહતા પ્રવાહની ઝાલકો થી પાસ-પાસેનાં અંતરમાં ત્રણ અલગ-અલગ જગ્યાએ સાઈટનું ધોવાણ થતાં સીસી સાઈટ તૂટીને જતાં મસ્ત મોટાં ગાંબડાઓનાં અહેવાલો સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવતા તંત્ર દોડતું થયું હતું અને સાઈડ પર નાં ગાંડાઓને સિડવામાં આવ્યા છે. પરંતુ કહેવાતી કહેવત અનુસાર “ એક સંધાય ને તેર તુટે તેવી પરિસ્થિતી ગુજરાતની જીવાદોરી ગણાતી નર્મદા કેનાલની સર્જાય છે. ટૂંક સમયમાં જ હાલોલ કાલોલ વિસ્તારમાથી પસાર થતી નર્મદા કેનાલમાં શકિત પૂરા પાસેથી વહેતી નર્મદા કેનાલમાં ગાબડા પડતાં તેનું પુરાણ કરી સમારકામ કરવામાં આવ્યું છે. ત્યાં તો રામેશરા થીહાલોલ ખાખરિયા વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલમાં ગાબડાં પડતાં તંત્ર દ્વારા મોટાં મોટાં કાળા પથ્થરો પૂરી કામચલાઉ કામગિરી કરવામાં આવી રહી છે.

## શહેરાના ડોકવા ગામ ખાતે ખોડીયાર માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભકિતભાવ પૂર્વક યોજાયો




શહેરા,

શહેરા તાલુકાના ડોકવા ગામ ખાતે ખોડીયાર માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ પૂર્વક યોજાયો હતો. મંદિર ખાતે લોક ડાયરો સાથે અહી આવેલા ભક્તોએ પ્રસાદીનો લ્હાવો લીધો હતો.

શહેરા તાલુકાના ડોકવા ગામ ખાતે ગ્રામજનો અને ખોડીયાર માતાજીના ભક્તો દ્વારા ખોડીયાર માતાજીનું ભવ્ય મંદિર પાંચ લાખ કરતા વધુના ખર્ચે તૈયાર થતા નવનિર્મિત મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના વિવિધ વિસ્તારમાં ખોડીયાર માતાજીની ભવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી. મંદિર ખાતે બે દિવસ બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે ખોડીયાર માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાવા સાથે ખોડીયાર માતાજીના જય જય કારથી વાતાવરણ ગુંજી ઉઠતા ભક્તિમય માહોલ સર્જાયો હતો. મંદિર ખાતે ભવ્ય લોક ડાયરો અને માતાજીના ભક્તો ગરબા રમવા સાથે પ્રસાદી અને મહા આરતીનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં ડોકવા ગામ સહિત આજુબાજુના ગામના ગ્રામજનો સહિત મોટી સંખ્યામાં ખોડીયાર માતાજીના ભક્તો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલ કરીમ કોલોની ખાતે ભાડાના મકાનમાં ક્રિકેટ સટ્ટાનો જુગાર રમાડતા ઈસમને ૫૧ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યો



હાલોલ,

હાલોલ કરીમ કોલોનીમાં ભાડાના મકાનમાં ક્રિકેટ સટ્ટાનો જુગાર રમાડતા હોય તેવી બાતમીના આધારે ગોધરા એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન એક ઈસમને લેપટોપ, ટેબલેટ, મોબાઈલ ફોન-૪ મળી ૫૧,૬૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, હાલોલ કરીમ કોલોની ખાતે અમજદખાન ઉસ્માનખાન પઠાણ ભાડાના મકાનમાં આઈ.પી.એલ. ક્રિકેટ મેચનો સટ્ટો રમાડી રહ્યા છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે કરીમ કોલોની ખાતે ફિરોજખાન હુસેનખાન પઠાણના મકાનમાં રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન લેપટોપ-૧, ટેબલેટ-૧, મોબાઈલ ફોન નંગ-૪, ઈલેકટ્રીક બોર્ડ, ચાર્જર મળી કુલ ૫૧,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ અમજદખાન ઉસ્માનખાન પઠાણને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે અન્ય આરોપીઓ મુખ્તયાર મલીક, વહીદભાઈ કાયમખાન પઠાણ મળી આવેલ ન હોય તેવા આરોપી વિરૂદ્ધ હાલોલ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ તાલુકાના આનંદપુરા પાસે સ્વીફ્ટ કારમાં દારૂ બોટલો અને બીયર સાથે વડોદરાના ચાર યુવાનોને ઝડપ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના આનંદપુરા ગામ પાસે પોલીસના વાહન ચેકીંગ દરમિયાન સ્વીફટ કારને રોકી હતી અને કારનું ચેકીંગ કરવામાં આવતાં બીયર અને દારૂની બોટલ સાથે ચાર ઈસમોને પોલીસે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના આનંદપુરા ગામ પાસે પોલીસ દ્વારા પસાર થતા વાહનોનું ચેકીંગ કરતા હોય દરમિયાન સ્વીફટ કાર નં.જીજે.૦૬.પીએચ.૨૭૨૩ને રોકી હતી અને કારમાં ચેકીંગ કરતાં બીયર ટીન-૨ અને દારૂની બોટલ મળી ૪૦૦/- રૂપીયા દારૂ સાથે હરીશ વિનોદભાઈ રોહિત (અમરદિપ ટાઉનશીપ, આજવા રોડ, વડોદરા), દિલીપ રમેશભાઈ પંજાબી (લકુલીશનગર, આજવારોડ, વડોદરા), રાજેન્દ્ર રણછોડભાઈ પરમાર (રહે. રામદેવનગર-૨, આજવારોડ, વડોદરા), સચીન ડાહ્યાભાઈ પરમાર (રામદેવનગર, આજવા રોડ, વડોદરા)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધાવા પામ્યો છે.